ક્રમાંક/મઉમશબ/પરીક્ષા/૨૦૧૯/ ૮૭૧
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર.તા.૦૮/૦૧/૨૦૧૯.

પ્રતિ
આચાર્યશ્રી તેમજ
તમામ સારસ્વત મિત્રો,
તમામ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
ગુજરાત રાજ્ય

આગામી 7 મી માર્ચથી શરૂ થતી ધો.10 અને ધો.12 ની બોર્ડની જાહેર પરીક્ષામાં રાજ્યભરમાં 18.50 લાખથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થવાના છે. જાહેર પરીક્ષામાં વિદ્યાર્થીની સમગ્ર વર્ષની તૈયારી અને મહેનતની પ્રસ્તુતિ થતી હોય છે.

અપેક્ષા રાખું છું કે જાન્યુઆરી તેમજ ફેબ્રુઆરી માસ દરમિયાન તમામ વિદ્યાર્થીઓને રિવિઝન કરાવશો તેમજ કચાશ અનુભવતા હોય તેવી બાબતોનું તેઓને દ્રઢીકરણ કરાવશો. તેઓમાં પરીક્ષાનો બિનજરૂરી હાઉ ન પ્રવેશે તેનું ખાસ ધ્યાન રાખશો. પરીક્ષાને તેઓ ઉત્સવની જેમ જુવે તે પ્રકારે માહોલ બનાવશો.

નિષ્ઠાપૂર્વક મહેનત કરનાર વિદ્યાર્થીને યોગ્ય પરિણામ મળશે જ, તે પ્રકારની તેઓની આસ્થાને મજબૂત કરશો, તેઓમાં લેશમાત્ર નિરાશા ન પ્રવેશે તે ખાસ જોશો. કોઈ કિસ્સામાં વધુ માર્ગદર્શનની જરૂર પડે તો નિષ્ણાત તજજ્ઞ કે મનોવૈજ્ઞાનિક પાસે કાઉન્સેલિંગ કરાવશો.

કોઈપણ સ્થિતિમાં વિદ્યાર્થી કે શિક્ષક ગેરરીતિ કરવા ન પ્રેરાય તે સુનિશ્ચિત કરશો. તેમજ શિક્ષાકોષ્ટકની સુધારેલી જોગવાઈઓનો પરિચય કરાવશો.

તમામને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

જિ.શિ.અ. કચેરી,
વલસાડ.
ઈનવર્ડ ...
તારીખ 8 JAN 2019
સહી :

(એ.જે.શાહ)
અધ્યક્ષ
ગુ.મા.અને ઉ.મા.શિ. બોર્ડ
ગાંધીનગર

જા.ક્ર./પરિપત્ર/૨૦૧૮-૧૯/૮૯૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
પાંચમો માળ, સેવાસદન-૧,
જિ.વલસાડ.
તા:૦૯/૦૧/૨૦૧૯.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ શાળાઓ તમામ,
જી:- વલસાડ.

૨) ઉપરોક્ત પત્રમાં જણાવેલ બાબતોને ધ્યાને લઇ યોગ્ય કાર્યવાહી અને અમલીકરણ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
વલસાડ